સંગત-૨૦૧૨ : વિવાદના ઘેરામાં

(કુંતલ નિમાવત દ્વારા)

ગાંધીનગર, તા. ૧૨

કડી સર્વ વિશ્વવિદ્યાલય આયોજિત ચોથા યુવક મહોત્સવ સંગત-૨૦૧૨ના ચૅમ્પિયન તરીકે બે કૉલેજનાં નામોની જાહેરાત કરવામાં આવી હતી અને એ કારણથી પૂર્ણાહુતિ સમારોહમાં વિદ્યાર્થીઓ વચ્ચે તંગ સ્થિતિ સર્જાઈ હતી.

આ યુવક મહોત્સવથી સંસ્થાના પૂર્વ ચેરમેન સ્વ. માણેકલાલ પટેલના નામે વિનર કૉલેજ માટે રોટેટીંગ ટ્રૉફીનો પણ આરંભ કરવામાં આવ્યો હતો, જે ટ્રૉફી આ વખતે પહેલી જ વખત વિવાદના ઘેરામાં આવી ગઈ હતી.

પૂર્ણાહુતિ સમારોહમાં ૨૨ સ્પર્ધાઓના વિજેતાઓની જાહેરાત કર્યા પછી માઈમની સ્પર્ધાના વિજેતાઓનાં નામ જાહેર કરવામાં આવ્યાં ન હતાં. એ માટે યજમાન સંસ્થા દ્વારા એવું કારણ આપવામાં આવ્યું હતું કે માઈમના નિર્ણાયકોએ માર્ક્સને બદલે ગ્રેડ આપ્યા હોવાથી આ રિઝલ્ટ આવતીકાલે જાહેર કરવામાં આવશે.

આ બાબતે યજમાન ઍસ કે પટેલ ઈન્સ્ટીટ્યુટ ઑફ મેનેજમેન્ટના ડીન ડૉ. ભાવિન પંડ્યાનો સંપર્ક કરવામાં આવતાં તેમણે પણ આ જ કારણ જણાવ્યું હતું.

પરંતુ, અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજના વિદ્યાર્થીઓ આ બાબતે સંમત નથી. એમનું કહેવું એમ છે કે પોતાની કૉલેજને ચૅમ્પિયન્સ પદ મળે એ ખાતર યજમાન કૉલેજ દ્વારા જાણીજોઈને અમારી સાથે આ અન્યાય આચરવામાં આવ્યો છે.

વિદ્યાર્થીઓમાં થતી ચર્ચા અનુસાર માઈમના બંને નિર્ણાયકો હરદ્વાર ગોસ્વામી અને શૈલેન્દ્ર વાઘેલાએ ગ્રેડ આપ્યા હતા એ વાત સાચી. પરંતુ, ગ્રેડ આપ્યા પછીય તેમણે વિજેતા જાહેર કરવા માટેની અલગ શીટમાં વિજેતાઓનાં નામ અલગથી લખી પણ આપ્યાં હતાં. પરંતુ, તેમ છતાં યજમાન કૉલેજે માત્ર ગ્રેડનું બહાનું કરીને આ પરિણામ માનવાનો ઇનકાર કરી દીધો હતો.

વિદ્યાર્થીઓના મતે હદ તો ત્યાં થઈ કે અમદાવાદ પહોંચી ગયેલા બંને નિર્ણાયકોને પરત બોલાવીને આ પરિણામને માર્ક્સમાં ફેરવી આપવાની વિનંતી કરવામાં આવી હતી અને બંને નિર્ણાયકોએ એમ કરી પણ આપ્યું હતું, ગ્રેડના સ્થાને તેમણે માર્ક્સ મુકી આપ્યા હતા. પરંતુ તેમ છતાં આ પરિણામને યજમાન કૉલેજે આજે જાહેર નહોતું જ કર્યું અને આવતીકાલ પર અનામત રાખી દીધું હતું.

આ માટેનું કારણ એટલું જ કે યજમાન એસ કે પટેલ કૉલેજના ભાગે ૯ ઇનામો ગયાં હતાં અને પૂર્વ ચૅમ્પિયન અશ્વિનભાઈ એ પટેલ કૉલેજના ભાગે પણ ૯ ઇનામો ગયાં હતાં. માઈમની સ્પર્ધામાં અશ્વિનભાઈ એ પટેલ કૉલેજને ઇનામ મળે એવું હતું. જો એ જાહેર થઈ જાય તો ચૅમ્પિયન તરીકે એ જ કૉલેજ જાહેર થાય અને યજમાન કૉલેજને બીજો ક્રમ સ્વીકારવો પડે. એમ ન થાય એ કારણથી યજમાન કૉલેજ દ્વારા યેનકેન પ્રકારે ચૅમ્પિયનપદ મેળવવા માટે આ અન્યાય કરવામાં આવ્યો હોવાની બૂમરાણ કૉમર્સ કૉલેજના વિદ્યાર્થીઓએ મચાવી હતી.

ઍસ કે પટેલ ઈન્સ્ટીટ્યુટ ઑફ મેનેજમેન્ટ દ્વારા બદઇરાદાથી આ અન્યાય પોતાને કરાયો હોવાનું વિદ્યાર્થીઓએ રોષપૂર્વક જણાવ્યું હતું. કેટલાક વિદ્યાર્થીઓની આંખોમાં તો આંસૂ પણ આવી ગયા હતા.

આ જો સાચું હોય તો તે અત્યંત ગંભીર બાબત છે. યુવક મહોત્સવ એ ખેલદિલીની બાબત છે અને એમાં સંચાલકોએ તો ખેલદિલી બતાવવી જ જોઈએ, તો જ વિદ્યાર્થીઓમાંય ખેલદિલી આવશે એ દરેક સંસ્થા અને સંચાલકે યાદ રાખવું જોઈએ.

ગાંધીનગરની સેંટ ઝેવિયર્સ સ્કૂલ ખાતે ઉજવાયો વિશ્વ ફિલાટેલી ડે

ગાંધીનગર, તા. ૧૨

પોસ્ટલ ડિપાર્ટમેન્ટ દ્વારા તા. ૯-૧૦-૨૦૧૨ થી તા. ૧૫-૧૦-૨૦૧૨ દરમિયાન નેશનલ પોસ્ટલ વીકની ઉજવણી કરવામાં આવી રહી છે. તે અંતર્ગત આજે ગાંધીનગરની સેંટ ઝેવિયર્સ સ્કૂલ ખાતે ફિલાટેલી ડેની ઉજવણી કરવામાં આવી હતી.

ગાંધીનગર વિભાગના પોસ્ટ સુપ્રિન્ટેન્ડેન્ટ વખારિયા અને ગાંધીનગરના જાણીતા ફિલાટેલીસ્ટ કે. એમ. શર્માએ ટીકીટોના સંગ્રહ કરવાની ઉપયોગી માહિતી વિદ્યાર્થીઓને આપી હતી. કે.એમ. શર્મા, ફિલાટેલી એકાઉનટ ખોલીને સરળતાથી ટીકીટો કેવી રીતે ભેગી કરી શકાય તેની વિસ્તૃત માહિતી આપીને પોતે એકઠી કરેલી ટીકીટનો સંગ્રહ વિદ્યાર્થીઓને બતાવ્યો હતો. વિદ્યાર્થીઓએ રસપૂર્વક સમગ્ર ટીકીટ સંગ્રહ નિહાળી સ્ટેમ્પ આલ્બમ બનાવવાનો શોખ કેળવવા ઉત્સુકતા પણ દર્શાવી હતી. મહાત્મા ગાંધીની સ્મૃતિમાં પ્રકાશિત થયેલી રૂા. ૨૫૦ની ફોલ્ડ સાથેની ટપાલ ટીકીત પણ સંગ્રહમાં દર્શાવવામાં આવી હતી.

આ પ્રસંગે સેંટ ઝેવિયર્સ સ્કૂલના પ્રિન્સીપાલ ફાધર હેકટર, પોસ્ટ વિભાગ ગાંધીનગરના પ્રજાપતિ સહિત શિક્ષકો તથા વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન જાણીતા કૉલમીસ્ટ સંજય થોરાતે કર્યું હતું.

કડી સર્વ વિશ્વવિદ્યાલય યુવક મહોત્સવ : સંગત - ૨૦૧૨

અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજ સતત ચૉથા વર્ષે ચૅમ્પિયન

અલબત્ત આ વખતે ચૅમ્પીયનશીપ ભાગીદારીમાં મળી : ચૅમ્પિયન્સ ટ્રૉફી ઍસ કે પટેલ ઈન્સ્ટીટ્યુટ ઑફ મૅનેજમેન્ટ સાથે વહેંચવી પડી

(કુંતલ નિમાવત દ્વારા)

ગાંધીનગર, તા. ૧૨

તસવીર : દિપક જાની

કડી સર્વ વિશ્વવિદ્યાલય આયોજિત યુવક મહોત્સવ સંગત ૨૦૧૨ આજે આનંદ અને અજંપાની મિશ્ર પરિસ્થિતિ વચ્ચે પૂર્ણ થયો હતો. અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજે સતત ચોથા વર્ષે આ યુવક મહોત્સવમાં ચૅમ્પિયન પદ હાંસલ કર્યું હતું. અલબત્ત, ચૅમ્પિયન તરીકે હોસ્ટ કૉલેજ ઍસ કે પટેલ ઈન્સ્ટીટ્યુટ ઑફ મેનેજમેન્ટને પણ જાહેર કરવામાં આવી હોવાથી બંને કૉલેજે ચૅમ્પિયન્સ પદમાં ભાગીદારી કરવી પડી હતી.

આ જ કારણથી ઍસ કે પટેલ કૉલેજના વિદ્યાર્થીઓ આનંદમાં આવી ગયા હતા, પરંતુ અશ્વિનભાઈ પટેલ કૉલેજના વિદ્યાર્થીઓ પોતાને અન્યાય થયો એ મુદ્દે તંગ થઈ ગયા હતા. અલબત્ત, કૉલેજના અધ્યાપકોએ પરિસ્થિતિ પારખીને વિદ્યાર્થીઓને કાબૂમાં રાખ્યા હતા ને એથી કોઈ દુર્ઘટના થતી ટળી હતી.

સાંજે યુવક મહોત્સવનો સમાપન સમારોહ નાથીબા કૉલેજ હૉલ ખાતે યોજાયો હતો, જેમાં ખ્યાત ગુજરાતી ફિલ્મ 'કેવી રીતે જઈશ'ના યુવા નિર્દેશક અભિષેક જૈન મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. અભિષેકે ઉપસ્થિત યુવા વર્ગ સાથે પ્રશ્નોત્તરી કરીને તેમની જિજ્ઞાસાને સંતોષી હતી. પોતે કરેલા સંઘર્ષ, પોતાની પહેલી ફિલ્મ, આગામી આયોજનો, આગામી ફિલ્મ વગેરે પ્રશ્નોના તેમણે સંતોષકારક જવાબો આપ્યા હતા. જેમાં ઋચિ હોય તે જ ક્ષેત્રમાં આગળ વધવું અને જેમાં ઋચિ ન હોય તે ક્ષેત્રમાં પગ ન મૂકવો એવી સલાહ તેમણે વિદ્યાર્થીઓને આપી હતી. કોઈપણ ક્ષેત્રમાં આગળ વધવું હોય તો સતત અપડેટ રહેવું જોઈએ અને સતત અપડેટ રહેવું હોય તો અખબાર જેવું સબળ કોઈ માધ્યમ નથી એમ જણાવી તેમણે અખબારને સાથી બનાવવાની સલાહ પણ યુવાનોને આપી હતી.

ગુજરાત હાઈકૉર્ટના ઍડવોકેટ ધવલ મહેતાએ વિદ્યાર્થીઓને સંબોધતાં જણાવ્યું હતું કે 'જે કંઈ કરો તે મનથી કરો, તમારા સર્જનાત્મક વિચારોને મજબૂતીથી વળગી રહો અને આવા વિચારોને અભિવ્યક્ત કરતાં પણ શીખો.'

બૉક્સીંગમાં શિવાંગ જોશી પ્રથમ ક્રમે

ગાંધીનગર, તા. ૧૨

ગુજરાત યુનિવર્સિટી બૉક્સીંગ ટૂર્નામેન્ટમાં સરકારી વાણિજ્ય કૉલેજના વિદ્યાર્થી શિવાંગ આર. જોશી, ૬૧ થી ૬૪ કિ.ગ્રા. વર્ગમાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરેલ છે. ઈન્ટર યુનિવર્સિટીની સ્પર્ધા જે પંજાબમાં યોજાનાર છે. તેમાં પસંદગી પામેલ છે અને કૉલેજનું ગૌરવ વધારેલ છે. ઉપરાંત ચાવડા વનરાજસિંહ ૫૨ કિ.ગ્રા વર્ગમાં, યાવા જયેશ ૯૧ કિ.ગ્રા. વર્ગમાં તૃતીય ક્રમાંક પ્રાપ્ત કરેલ છે. જે માટે આચાર્યશ્રી તેમજ કૉલેજ પરિવારે અભિનંદન પાઠવેલ છે.

ટેબલ ટેનિસ સ્પર્ધાનું સમાપન ૧૪મીએ

ગાંધીનગર, તા. ૧૨

ઑલ ઈન્ડિયા સિવિલ સર્વિસ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટનો સમાપન સમારોહ તા. ૧૪ ઑક્ટોબરના રોજ સાંજે ૬ કલાકે સ્પૉર્ટ્સ ઑથોરિટી ઑફ ઈન્ડિયા ગ્રાઉન્ડ ખાતે યોજાશે. સમાપન સમારોહના મુખ્ય અતિથિ તરીકે સામાન્ય વહીવટ વિભાગ (પ્લાનીંગ)ના અધિક મુખ્ય સચિવ વરૂણ માથરા તથા અતિથિ વિશેષ તરીકે સામાન્ય વહીવટ વિભાગ (પર્સોનલ)ના સચિવ કે શ્રીનિવાસ અને ઍસએઆઈના ડિરેક્ટર ઍમ શ્યામ સુંદર ઉપસ્થિત રહેશે.

માનસિક વિશિષ્ટ બાળકો દ્વારા દિવાળી માટે કોડિયાં સજાવાયાં

આગામી ગુરુવારથી વેચાણમાં મુકાશે : વેચાણથી થતો નફો વિશિષ્ટ બાળકોના કલ્યાણ અર્થે ઉપયોગમાં લેવામાં આવશે

ગાંધીનગર, તા. ૧૨

શારીરિક-માનસિક વિશિષ્ટ બાળકોનાં કલ્યાણ ક્ષેત્રે કામ કરતા નગરના ગ્રો ફાઉન્ડેશનના ઉપક્રમે માનસિક વિશિષ્ટ બાળકો દ્વારા દિવાળી માટે સુંદર કોડિયાં તૈયાર કરવામાં આવ્યાં છે. આગામી ગુરુવારથી આ કોડિયાં વેચાણ માટે મૂકવામાં આવશે અને વેચાણથી થતા નફાનો ઉપયોગ માનસિક વિશિષ્ટ બાળકોના કલ્યાણ અર્થે કરવામાં આવશે. ગ્રોના સંચાલક જિજ્ઞેશ રાવલે આ અંગેની માહિતી આપતાં જણાવ્યું છે કે માનસિક વિશિષ્ટ બાળકો સર્જનાત્મક પ્રવૃત્તિમાં જોડાય અને તેમને એ દ્વારા રોજગારી પણ મળે એ અંગે સંસ્થા પ્રયાસરત છે. આ હેતુસર સંસ્થા દ્વારા સંચાલિત 'સંવેદન' તાલીમ કેન્દ્ર ખાતે નિષ્ણાત ઉમેશભાઈ દ્વારા બાળકોને કોડિયાં સજાવવાની તાલીમ આપવામાં આવી હતી. એ પછી એમની દેખરેખ હેઠળ બાળકોએ જાતે કોડિયાં સજાવવાની કામગીરી કરી હતી અને સુંદર કોડિયાં તેમણે તૈયાર કર્યાં હતાં. પાંચેક રંગોમાં ઓપતા અને ચમકદાર પદાર્થોથી ઝળહળતાં ૧૭૦૦ કોડિયાં આ બાળકોએ ચાર દિવસમાં તૈયાર કર્યાં છે. હજુ રંગ સૂકવવામાં અને પૅકીંગ કરવામાં ચારેક દિવસનો સમય જાય એમ છે, એ પછી આ કોડિયાં સંપૂર્ણપણે તૈયાર થઈ જશે. આગામી ગુરુવારથી નગરમાં બે સ્થળોએ આ કોડિયાં વેચાણ માટે મૂકવામાં આવશે. જુનિયર સિટીઝન કાઉન્સીલ, સિવિલ હૉસ્પિટલ કંપાઉન્ડ તથા સંવેદન તાલીમ કેન્દ્ર, પ્લૉટ નં. ૮૭૮, સૅક્ટર-૬ સી ખાતે આ કોડિયાં વેચાણથી મળી શકશે.

માનસિક વિશિષ્ટ બાળકોના કલ્યાણાર્થે આ વેચાણના નફાનો ઉપયોગ થઈ રહ્યો હોવાથી આગામી દિવાળી ઉજવવા હેતુ આ કોડિયાં ખરીદવાની અપીલ સંસ્થા દ્વારા કરવામાં આવી છે.

સંગત - ૨૦૧૨ : વિદ્યાર્થીઓએ અપૂર્વ કલા કૌશલનાં દર્શન કરાવ્યાં

પ્રસંગસર

- કુંતલ નિમાવત

કડી સર્વ વિશ્વવિદ્યાલયના ચોથા યુવક મહોત્સવ 'સંગત-૨૦૧૨'માં શુક્રવારે બીજા દિવસે પોતાની સુંદર કલાઓનાં દર્શન કરાવીને ખરેખર એ બાબતનો પરચો આપી દીધો હતો કે આ યુવક મહોત્સવ પુખ્તતાને આરે પહોંચી ગયો છે. સંગીત, અભિનય અને સાહિત્યમાં આજે યુવાઓએ જે પ્રદર્શન કર્યું તે ખરે જ કાબિલે તારીફ રહ્યું હતું.

યુવક મહોત્સવના પ્રથમ દિવસે ગુરુવારે લાઈટ વોકલ ઈન્ડિયન, કલાસીકલ વોકલ, મિમિક્રી, ઈલોક્યુશન, ગ્રૂપ સોંગ ઈન્ડિયન, ડિબેટ, મૉનો ઍક્ટીંગ, સ્કીટ, કૉલાજ અને પોસ્ટર મેકીંગની સ્પર્ધાઓ યોજવામાં આવી હતી. થિયેટર ઈવેન્ટ્સમાં બેટી બચાવો, વ્યક્તિ નિષ્ઠા, દેશભક્તિ જેવા વિષયોનો સમાવેશ યુવાઓ દ્વારા કરવામાં આવ્યો હતો. મોનૉ એક્ટીંગ અને સ્કીટની સ્પર્ધા ખાસ્સી રોચક રહી હતી. આ બંને સ્પર્ધાઓ ઉપરાંત વક્તૃત્વ સ્પર્ધા, લાઈટ વોકલ ઈન્ડિયન અને કોલાજની સ્પર્ધામાં પણ મોટી સંખ્યામાં સ્પર્ધકોએ ભાગ લીધો હતો.

શુક્રવારે મહોત્સવ અંતર્ગત લાઈટ વોકલ વેસ્ટર્ન, ફોક/ટ્રાઈબલ ડાન્સ, કાવ્ય પઠન, ગ્રૂપ સોંગ વેસ્ટર્ન, ક્વિઝ, ક્લે મોડેલીંગ, ક્લાસીકલ ઈન્સ્ટ્રુમેન્ટલ, માઈમ, પાદપૂર્તિ, ક્લાસીકલ ડાન્સ, શીઘ્ર વક્તૃત્વ, ઓન ધ સ્પૉટ પેઈન્ટીંગ અને રંગોળીની સ્પર્ધાઓ યોજવામાં આવી હતી.

ફોક ડાન્સ, શીઘ્ર વક્તૃત્વ, રંગોળી, ઓન ધ સ્પૉટ પેઈન્ટીંગ, માઈમ અને કાવ્ય પઠનમાં સ્પર્ધકોની સંખ્યા ઉલ્લેખનીય રહી હતી.

રંગોળીમાં ભક્તિ અને પરંપરાગત ભાતનું પ્રભુત્વ રહ્યું હતું તો પોસ્ટર મેકીંગમાં ગ્લોબલ વૉર્મિંગથી લઈને સામાજિક સમસ્યાઓ અને ચૂંટણી સુધીની બાબતોને સ્પર્ધકોએ ઉજાગર કરી હતી.

માઈમની સ્પર્ધામાં પરંપરાગત હળવા વિષયો ઉપરાંત પર્યાવરણ સંરક્ષણ, મોબાઈલનો દુરુપયોગ, પ્રેમ લગ્ન જેવા વિષયોને સ્પર્ધકોએ આવરી લીધા હતા. માઈમની સ્પર્ધા ખાસ્સી તંદુરસ્ત રહી હતી. કલાસીકલ ઈન્સ્ટ્રુમેન્ટલમાં પર્કશન અને નોન પર્કશન અંતર્ગત સ્પર્ધકોને વિવિધ રાગ છેડવાનું કહેવામાં આવ્યું હતું અને પ્રેક્ષકોના આશ્ચર્ય વચ્ચે સ્પર્ધક વિદ્યાર્થીઓએ આ રાગ છેડીને બતાવ્યા હતા. પ્રેક્ષકો આફરીન પોકારી ગયા હતા. યુનિવર્સિટીમાં આ કક્ષાના વિદ્યાર્થીઓ પણ છે એ જાણીને સૌને આનંદ થયો હતો. એવો જ અનુભવ કલાસીકલ ડાન્સના સ્પર્ધકોએ કરાવ્યો હતો. સામાન્ય રીતે જોવા મળતા ક્લાસીકલ નૃત્યોને નવી તરાહમાં, વિવિધ ભક્તિગીતો સાથે રજૂ કરવાનો પ્રયોગ ખરેખર સુંદર રહ્યો. પ્રેક્ષકોએ આ પ્રયોગ ખૂબ વખાણ્યો હતો. કાવ્ય પઠનની સ્પર્ધામાં ભાગ લેનારા ડઝનેક સ્પર્ધકોએ નિરંજન ભગત, ઉમાશંકર જોષી જેવા ખ્યાત લેખકોની રચનાઓનું પોતાની અદામાં પઠન કર્યું હતું. એકાદ સ્પર્ધકે સ્વયં સર્જિક કૃતિનું પઠન કરીને પણ પ્રેક્ષકોનો આવકાર મેળવ્યો હતો.

સરવાળે, ગુરુવારે આયોજિત રેલી, થિયેટર ઈવેન્ટ, સંગીત ઈવેન્ટ્સ અને આજે આયોજિત સ્પર્ધાઓએ એ બાબતનો પરચો આપી દીધો હતો કે આ યુવક મહોત્સવ મેચ્યોરિટીના આરે આવીને ઊભો છે. કૉમર્સમાં જેમ કોઈપણ પ્રૉડક્ટના ઍન્ટર-ગ્રોથ-મેચ્યોરિટી અને ડિક્લાઈન સ્ટેજ હોય છે એ રીતે સંગત-૨૦૧૨ ગ્રોથના અંત ભાગમાં પહોંચીને મેચ્યોરિટીના આરે આવીને ઊભો છે. આગામી વર્ષે એ મેચ્યોરિટીને પ્રાપ્ત કરી લે એવી આશા આયોજકો અને વિદ્યાર્થીઓને છે.

તસવીર : દિપક જાની

આગવો માણસ - આપણો માણસ

- કિશોર જીકાદરા

નગરના અનોખા સેવાભાવી કરસનભાઈ

(ગતાંકથી આગળ...)

વહેલી સવારે એકલા એકલા મોટેથી 'શ્રીરામ જયરામ, જય જય રામ'ની ધૂન બોલતાં આ માણસને જોઈને કેટલા નાગરિકોને અનુમાન કરી લીધું કે નક્કી કોઈ પાગલ લાગે છે! કરસનભાઈ પાગલ નથી અને નહોતા ! હા, રામનામનું ભૂત કરસનભાઈને ચોક્કસ વળગ્યું હતું. તેઓનું દૃઢપણે માનવું હતું કે કેવળ રામનામ જ આ ડૂબતી દુનિયાને તારી શકશે!

કોઈ સાથ આપે તો ઠીક અન્યથા 'એકલો જાને રે' એ ન્યાયે પણ આ પ્રવૃત્તિ ચાલુ રાખવાના નિર્ધાર વચ્ચે પ્રથમ ગ્રાસે મક્ષિકા જેવો ઘાટ થયો. રામધૂનના અવાજથી શેરીમાં સૂતેલાં શ્વાનોને ખલેલ પડી. એક તો અંધારી રાત, શિયાળાની કડકડતી ઠંડી, માથે ટોપી અને આખા દેહ પર લપેટેલો ધાબળો. પહેલી નજરે ડરી જવાય તેવી આકૃતિ જોઈને શેરીના શ્વાનોને ભસવાનું ચાલુ કરી દીધું. ફૂતરાથી ડરવા કરતા તેના ભસવાના કર્કશ અવાજથી સો સાયટીના ઘરોમાં સૂતેલાં ભદ્રલોકની વહેલી સવારની મીઠી નિદ્રામાં પોતાના કારણે વિક્ષેપ પડશે તેનો ડર કરસનભાઈને વિશેષ સતાવી રહ્યો. એ કરે તો પશ શું કરે ? ભસતાં અને પાછળ દોડતાં ફૂતરાને જેમ તેમ દૂર કરીને કરસનભાઈએ પ્રથમ દિવસની પ્રભાતફેરી અને રામધૂનનો ક્રમ પતાવ્યો. ચિંતા આવતીકાલની હતી.

ભસતાં ફૂતરાને ભગાડવા માટે હાથે લાકડી જેવું હથિયાર જરૂરી હતું પણ જિહ્વા થકી રામનામનું સ્મરણ અને હાથમાં હથિયાર સાથે નાં કરસનભાઈનું વરવું કલ્પનાચિત્ર ખુદ કરસનભાઈને જ ના ગમ્યું. હથિયાર તરીકે હાથમાં લાકડી લઈને ભગવાનનું નામ લેવાનો કોઈ અર્થ રહેતો નથી! લાકડીથી મારવા કરતાં રોટલા ખવડાવીને ફૂતરાને રાજી રાખીએ તો કેવું ? એક તો શાંતિથી રામનામ લેવાય અને બીજું ફૂતરાને રોટલા ખવડાવ્યાંનું પૂણ્ય પણ મળે તેવા બેવડા લાભની સ્કીમનો કરસનભાઈને અદ્‌ભુત વિચાર સૂઝ્યો. બીજા દિવસે અમલમાં પણ મૂક્યો. રાત્રે વાળુ કર્યા પછી વધેલા રોટલા અને ભાખરીના ટુકડાની થેલી ભરી. ભસતા ફૂતરાનું મોં બંદ કરવા માટે આથી વધુ સફળ અને સરળ ઉપાય બીજો કોઈ નહોતો. યોજના સફળ થઈ. ફૂતરાની કોઈ પણ દખલ વગર બીજી સવારે એક કલાક રામધૂન સાથે પ્રભાતફેરી થઈ શકી.

પ્રત્યક્ષ રીતે લેવાનું રામનામ પરોક્ષ રીતે શ્વાનની સેવા કરવાનું નિમિત્ત બની જળે તેનો ખ્યાલ તો કરસનભાઈને સપનેય આવ્યો નહોતો! કરસનભાઈનો શ્વાસપ્રેમ આ રીતે પુનઃ જાગૃત થઈ ઊઠ્યો. જેમ કેટલાક નૈવેદ્યો કરવાનું શરૂ કર્યા પછી નૈતિક બંધ બની જતા હોય છે તેમ શ્વાસને એકવાર ધરેલા રોટલાનું નૈવેદ્ય કરસનભાઈ માટે સ્વૈચ્છિક બંધન બની રહ્યું. જો કે સેવાના કામો કદાપિ પુણ્યની ત્રિરાશી માંડને કે ગણતરીપૂર્વક કરાતા હોતા નથી. છતાં કેવળ લાભનો જ વિચાર કરીએ તો કરસનભાઈ માટે આ એક કાંકરે બે પક્ષી મારવા જેવું હતું! સેવામાં એક સાથે એક ફ્રીની અદ્‌ભૂત ઑફર કરસનભાઈએ હોંશે હોંશે સ્વીકારી હતી. રામધૂન શ્વાનસેવાનો અનાયાસે ગોઠવાઈ ગયેલો આ યોગ કરસનભાઈ કોઈ સંજોગોમાં ગુમાવવા માંગતા નહોતા! સેક્ટર-૨૩ અને ૨૨ ના એક સમયના દુશ્મન શ્વાનો હવે કરસનભાઈના પાકા મિત્રો બની ગયા છે. કરસનભાઈની રાહ જોવાય છે. દૂરથી આવતાં જોઈને આ શ્વાનો કરસનભાઈના સ્વાગત માટે સામા ધસી જાય છે. ભાખરી સાથે હવે બિસ્કીટનો સ્વાદ પણ ચાખવા મળે છે. નોકરીમાં ક્યારેક રજા લેવાનો મુડ બની જાય કિન્તુ આ પ્રવૃત્તિમાં કરસનભાઈએ એક પણ રજા પાડી નથી. વરસાદ હોય તો કરસનભાઈ છત્રી ઓઢીને નીકળે છે પણ રામધૂન સાથે શ્વાસને રોટલા ખવડાવવાની સેવા ચૂક્યા નથી. તેઓ ઈચ્છે છે કે તેના અંતિમ શ્વાસ સુધી આ સેવા ચાલુ રહે!

કરસનભાઈનો પરિવાર જે ઘઉંની રોટલી ખાય છે તે જ ઘઉં ફૂતરાની ભાખરી બનાવાય માટે દળાય છે. લગભગ છસ્સો રૂપિયાના બિસ્ટીક અને ચારસો રૂપિયાના ઘઉં સાથે દર મહિને એક હજાર રૂપિયાનો ખર્ચ થાય છે પણ કરસનભાઈને તેની લગીરે ચિંતા નથી.

મોંઘવારી વધતાં આ ખર્ચ વધી જાય તો તેની પણ પરવા નથી. ઈશ્વરકૃપાએ કરસનભાઈ સુખી છે. તેઓનું નમ્રપણે માનવું છે કે સેવાના કામો તો ગાંડા થઈને જ કરી શકાય! પ્રસિધ્ધિનો તેમને તલભાર મોહ નથી. સાદું જીવન અને ઉચ્ચ વિચારો એ કરસનભાઈનો જીવનમંત્ર છે. આમ તો પોલીસખાતાની નોકરી બદનામી, હાડમારી અને અવહેલનાથી ભરપૂર હોય છે પણ કરસનભાઈના કિસ્સામાં નિરાશ થવા છતાં આજદિન સુધી ઉચ્ચ અધિકારી પાસેથી તેઓ પ્રેમ અને કેવળ પ્રેમને જ પામ્યા છે. તેમના એક ખાસ મિત્ર ઉદયભાઈ ત્રિવેદી તાજેતરમાં નિવૃત્ત થયા. અસ્થિ વિસર્જનના પુણ્યશાળી કાર્યમાં તેમની સક્રિયતા જોઈને કરસનભાઈએ અસ્થિકુંભ તરીકે ઉપયોગમાં લેવા એક બે નહીં, પૂરા પાંચ સ્ટીલની ગોળીઓ ઉદયભાઈને નિવૃત્તિ ભેટ સ્વરૂપે આપી! જેવા કરસનભાઈ એવા જ તેમના મિત્રો! એક સમયે પૂ. દેવાબાપાએ કરસનભાઈને રતનપર આશ્રમનાં ટ્રસ્ટી તરીકે લેવા માટે ખૂબ આગ્રહ કર્યો પણ કરસનભાઈ ટસના મસ ન થયા. તેઓ નિરાભીમાની છે. તેમનો હોદ્દાનો મોહ નથી. તેઓ સંસ્થાગત માળખામાં રહ્યા વિના બહારથી સેવા કરવાના મતમાં છે.

કરસનભાઈ જેવા એક નાના કર્મચારીની સાફ સુથરી પ્રતિભા આખા ખાતાની છબિ સુધારવા માટે પર્યાપ્ત બની રહે તેવ છે! પોરબંદરમાં પાગલો માટે બે આશ્રમ છે. સેવાનિવૃત્ત થઈને ત્યાં સેવા કરવા જવાની મહેચ્છા છે પણ મિત્રમંડળનો આગ્રહ છે કે કરસનભાઈ ગાંધીનગરમાં જ રહીને આ સેવા પ્રવૃત્તિ ચાલુ રાખે. હવે જોઈએ કોની ઈચ્છા બર આવે છે ?

ઘણી યે વાર ટકારાય અમે પોતે અમારાથી,
હતા એકલ પથિક તો પણ અસર છે કાફલા જેવી !

- પ્રેમ પાલનપુરી